દિલ્હીમાં સરકાર રચવા ભાજપનો ઈન્કાર

નવી દિલ્હી, તા. ૧૨

ભારતના હાર્ટસમા દિલ્હી રાજ્યમાં વિધાનસભામાં ત્રિશંકુ પરિસ્થિતિ સર્જાતા રાજકીય ગૂંચવાડા સર્જાયા છે. સૌથી બેઠકો મેળવનાર ભારતીય જનતા પક્ષના આજે દિલ્હીના ઉપરાજ્યપાલે વિધિવત રીતે ચર્ચા કરવા નિમંત્રણ પાઠવ્યું હતું. સાંજે ૬.૩૦ કલાકે ઉપરાજ્યપાલને ભારતીય જનતા પાર્ટીના વિધાનસભા પક્ષના નેતા ડૉ. હર્ષવર્ધન મળ્યા હતા. તેમની મુલાકાત દરમિયાન ઉપરાજ્યપાલશ્રીને સરકાર રચવા સ્પષ્ટ ઈન્કાર કર્યો હતો.

સંપૂર્ણ અને સ્પષ્ટ બહુમતી નહીં હોવાને કારણે ભારતીય જનતા પાર્ટી સરકાર રચવા ઉપરાજ્યપાલશ્રીના વિધિવત નિમંત્રણને સવિનય ઈન્કાર કર્યો હતો. આજે દિવસ દરમિયાન કોંગ્રેસ પક્ષમાં પણ દિલ્હીના મામલે ભારે ચહલપહલ જોવા મળતી હતી. રાહુલ ગાંધી અને કોંગ્રેસના કેટલાક ઉચ્ચ કક્ષાના નેતાઓએ બિનશરતી સમર્થન 'આપ'ને આપવા માટે ચર્ચાઓ કરી હતી. એક તબક્કે દરખાસ્ત મોકલવાનો પણ વિચાર થયો હતો. પરંતુ 'આપ'ના નેતાઓ કોઈનું સમર્થન લેવા કે કોઈને સમર્થન આપવા માંગતા નથી.

લોકસભાની ચૂંટણી નજીકના ભવિષ્યમાં હોવાથી ત્રણે પક્ષો ફૂંકી ફૂંકીને રાજકારણ રમે છે. આમ છતાં કેટલાક મધ્યસ્થીઓ પ્રયત્ન કરી વધુ એક વખત ચૂંટણીનો બોજ પ્રજા ઉપર આવી ન પડે તે માટે મથામણ કરે છે. 'આપ' અને ભાજપ જો સરકાર રચવા મગનું નામ મરી નહીં પાડે તો એકાદ-બે દિવસમાં ઉપરાજ્યપાલશ્રી કેન્દ્ર સરકારને રાષ્ટ્રપતિ શાસન માટે ભલામણ કરશે.

છ મહિનામાં પણ જો પરિસ્થિતિમાં ફરક નહીં પડે તો વધુ એક વખત દિલ્હીની પ્રજા ચૂંટણીના રંગે રંગાશે. રાજકીય પક્ષો અને આગેવાનો આજકાલ એક જ ચર્ચામાં વ્યસ્ત છે કે દિલ્હીનું શું થશે ? 'આપ' પોતાની ઈમેજને વધુ અસરકારક બનાવવા ચતુરાઈપૂર્વક વ્યૂહ રચના ઘડે છે, તો ભાજપ પણ તડજોડમાં પહેલ કરવા માંગતું નથી.

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૭૨ | ૧૩ ડિસેમ્બર, ૨૦૧૩, શુક્રવાર; માગશર સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

હું તો પ્રયત્ન ને જ પરમ સાફલ્ય માનું છું
- મુનિ જીનચંદ્ર

ગાંધીનગરનો ઋત્વિક રાજ્યમાં પ્રથમ

બાયોલોજી અને ફીઝીક્સમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ

ગાંધીનગર, તા. ૧૨

ડૉક્ટર બનવાની ખેવના ધરાવતા ઋત્વિક પટેલે ૫૦૦માંથી ૪૭૯ ગુણ મેળવી ૯૯.૯૪ ટકા પર્સન્ટાઈલ સાથે સમગ્ર રાજ્યમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. ધો. ૧૧ સેમેસ્ટર-૧ની પરીક્ષાના ઋત્વિકે બાયોલોજી અને ફીઝીક્સમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે. જ્યારે કેમેસ્ટ્રીમાં ૯૯ ગુણ મેળવ્યા છે. તેણે અંગ્રેજી અને સંસ્કૃતની ભાષા વિષયમાં પણ ૯૯ ગુણ મેળવીને સ્કોર મેઈન્ટેઈન કર્યો છે. સહજાનંદ સ્કૂલ એચિવરના વિદ્યાર્થી ઋત્વિકને આગળ અભ્યાસ કરી ડૉક્ટર બનવું છે. તે પોતાના ઉજ્જવળ પરિણામ બદલ શાળાના શિક્ષકોને શ્રેય આપે છે. શાળા કક્ષાએથી લેવાતી ટેસ્ટ, રીવીઝન વર્ક સહીતની નક્કર અભ્યાસ પ્રવૃત્તિના લીધે તેણે મજબૂત સ્પર્ધામાં પણ મોખરાનું સ્થાન મેળવ્યું છે.

ધોરણ-૧૧ વિજ્ઞાનપ્રવાહ સેમેસ્ટર-૧નું પરીણામ

ગાંધીનગરના ટોપર્સ

ક્રમ	વિદ્યાર્થીનું નામ	શાળાનું નામ	ગુણ (૫૦૦માંથી)
૧	ઋત્વિક પટેલ	સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર	૪૭૯
૨	જેનિશ પટેલ	સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર	૪૭૪
૩	રોનક રાજ	સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર	૪૬૮
૪	પાર્થ કોઠીયા	સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર	૪૬૭
૫	દિગંત પટેલ	સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર	૪૬૫
૬	રીયા શાહ	માઉન્ટ કાર્મેલ	૪૬૪
૬	દક્ષ પટેલ	સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ	૪૬૪
૬	અંકિતા યવલકર	સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ	૪૬૪
૭	અનુજ મલીક	સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ	૪૬૨
૮	અભિષેક	સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ	૪૬૧
૮	ઋશાલી કેલા	સ્કૂલ ઓફ એચીવર (કુડાસણ)	૪૬૧
૯	અમન પઠાણ	ઈન્ફોસીટી સ્કૂલ	૪૫૭
૯	યશ ગોયંકા	ઈન્ફોસીટી સ્કૂલ	૪૫૭
૧૦	વૈભવી ગોર	ઈન્ફોસીટી સ્કૂલ	૪૫૬
૧૦	મૈત્રી પટેલ	સ્કૂલ ઓફ એચીવર (કુડાસણ)	૪૫૬
૧૦	જીગર પટેલ	સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર	૪૫૬
૧૧	ધ્રુપદ જોશી	સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર	૪૫૪
૧૧	આત્મન દરજી	સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર	૪૫૪
૧૧	હર્ષપ્રજાપતિ	ઈન્ફોસીટી સ્કૂલ	૪૫૪
૧૨	સાંઈ પટેલ	ઈન્ફોસીટી સ્કૂલ	૪૫૩
૧૨	શ્રૃતિ મહેતા	સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ	૪૫૩
૧૩	હોમી પટેલ	સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર	૪૫૪
૧૩	યશ મહેતા	સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ	૪૫૨
૧૩	રોહિત ઓઝા	સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ	૪૫૨
૧૪	આગમ શાહ	સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર	૪૫૧
૧૪	દિશા દેસાઈ	શેઠ સી.એમ. વિદ્યાલય	૪૫૧

ઈ ગ્રામ કેન્દ્રો થકી તંત્ર પ્રજાભિમુખ બન્યું

પાંચ લાખથી વધુ કુપનો જાહેર વિતરણ વ્યવસ્થાની અપાઈ છે : તંત્ર પ્રજાભિમુખ વહીવટી પ્રથા સાથે સાથે પારદર્શિતા માટે કટિબદ્ધ છે : કલેક્ટર

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ઈ.ગ્રામને પોષણક્ષમ બનાવવા અને વહીવટીતંત્રમાં પારદર્શિતાના સુદૃઢીકરણ માટે તંત્રએ અનેકવિધ પગલાંઓ ભર્યા છે એટલું જ નહિ તેમાં સફળતા પણ મળી હોવાનો દાવો જિલ્લાતંત્રએ આજે વિજીલન્સ કમિશ્નરની રિવ્યુ બેઠક દરમ્યાન વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર જિલ્લાની એક દિવસીય મુલાકાતે આવેલ તકેદારી આયુક્તશ્રી સમક્ષ જિલ્લાતંત્ર દ્વારા પારદર્શિતા માટે લેવાયેલા પગલાંઓની વિગતો આપી વિશેષ પ્રેઝન્ટેશનો રજુ કરાયા હતા.

તકેદારી આયુક્તશ્રીએ તંત્રના અભિગમને બિરદાવ્યો હતો તેમજ હકારાત્મક વહીવટી પ્રથાથી આવાનારા પરિવર્તનો તંત્રને વધુ પ્રજાભિમુખ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

તકેદારી આયુક્તશ્રી સમક્ષ રજુ થયેલા પ્રેઝન્ટેશનમાં જણાવાયા મુજબ પબ્લીક ડીસ્ટ્રીબ્યુશન સિસ્ટમને પારદર્શી બનાવવામાં તંત્ર સફળ રહ્યું છે. જિલ્લામાં ૭૦ ટકાથી વધુ લોકોને બારકોડેડ રેશન કાર્ડ વિતરણ કરી દેવામાં આવ્યા છે.

અત્યાર સુધીમાં પાંચ લાખથી પણ વધુ કુપનોનું વિતરણ ઈ.ગ્રામ થકી કરવામાં આવ્યું છે. ૭/૧૨ અને ૮-ખ ના ઉતારા ઈ.ગ્રામ દ્વારા ૨,૮૬,૦૦૦ જેટલા આપવામાં આવ્યા છે.

ઈ.ગ્રામ સેન્ટર પર જન્મ-મરણ નોંધણી, જાતિના દાખલા, આવકના દાખલા પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. જિલ્લામાં ખેડૂતોને અપાતી સહાયનું વિતરણ પણ બેંકો દ્વારા કરવામાંઆવી રહ્યુંછે. આ ઉપરાંત મનરેગાનું ચુકવણું પણ લાભાર્થીના ખાતામાં જ સીધુ જમા થઈ રહ્યું છે.

૧ લાખ જેટલા બાળકોના બચત ખાતાઓ બેંકોમાં ચાલી રહ્યા છે. ૮૧૩૭ જેટલા બાળકોને તેમની શિષ્યવૃત્તિના નાણાં પણ સીધા તેમના ખાતામાં જમા આપવામાં આવી રહ્યા છે.

તંત્ર દ્વારા ફાઈલ ટ્રેકીંગની નવી સિસ્ટમ અમલી બનાવવામાં આવી રહી છે. આ માટેનો રોડમેપ તૈયાર થઈ ચુકયુ હોવાનું પણ અધિકારીઓએ જણાવ્યું હતું.

ઈ.ગ્રામ સેન્ટર પર મતદાર નોંધણી, ચકાસણી અને નામ કમી કરવાની પણ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

આમ અનેકવિધ ક્ષેત્રે ઈ.ગ્રામ કેન્દ્રો દ્વારા તંત્રએ હકારાત્મક

● અનુસંધાન પાના - ૬ પર

GPSC-1/2 PSI
ક્લાર્ક, તલાટી
તમામ બેચમાં પ્રવેશ ચાલુ છે.
પરીક્ષા સુધીનો કોર્ષ
TCCI EDUCATION PVT. LTD. ૧૬ વર્ષનો અનુભવ
ઓફિસ સમય 9.30 a.m. to 5.00 p.m.
ગાંધીનગર - 9537614607
મહેસાણા - 9537614606

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧

WORLD BIG Cinemas
NOW SHOWING
R Rajkumar | Lucky Kabootar
R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj
Jackpot (A) - 10.45 am, 12.45, 3.45, 7.00 & 10.15 pm
R...Rajkumar (U/A) - 10.00 am, 12.45, 3.45, 6.45 & 10.00 pm
Lucky Kabootar (U/A) - 1.15 & 10.30 pm | Ram Leela (U/A) - 4.15 pm
Happy Familyy Pvt. Ltd. (Guj.) (U) - 7.15 pm *schedule subject to change
ADVANCE BOOKINGS OPEN ON SUNDAY
telebooking 09377458281/09377458431
www.bigcinemas.com
facebook.com/BigCinemasIndia

HYUNDAI NEW THINKING. NEW POSSIBILITIES.
લોન કમ એક્સચેન્જ મેલા
તા : ૧૩ અને ૧૪ ડિસેમ્બર, ૨૦૧૩.
સ્થળ : ચ-૩, નવરાત્રી ગ્રાઉન્ડ, ગાંધીનગર.
ફોન : ૦૭૯-૩૧૯૦૭૭૦૦
ભાવ વધે તે પહેલા ખરીદો
HYUNDAI DECEMBER DELIGHT
સ્પેશ્યલ એક્સચેન્જ ઓફર
i10 ડિસેમ્બર ડીલાઈટ ઓફર ₹ 66,000*
VERNA ડિસેમ્બર ડીલાઈટ ઓફર ₹ 54,000* [D] ₹ 30,000* [P]
EON ડિસેમ્બર ડીલાઈટ ઓફર ₹ 43,250*
હ્યુંડાઈ કાર્સની સાથે ખુશીઓ મનાવો
તમામ હ્યુંડાઈ કાર્સ પર સ્પેશ્યલ એક્સચેન્જ સ્કીમ
SANTRO ડિસેમ્બર ડીલાઈટ ઓફર ₹ 56,000*
i20 ડિસેમ્બર ડીલાઈટ ઓફર ₹ 48,500* [D] ₹ 38,000* [P]
ELANTRA ડિસેમ્બર ડીલાઈટ ઓફર ₹ 75,000*
હવે ઓટોમેટીકમાં પણ ઉપલબ્ધ
* Terms & Conditions apply
PUNJAB HYUNDAI Call : 079-31907700
ADVANTAGE
ગાંધીનગર : સેલ્સ : 9825084062, 9925042700 સર્વિસ : 9879047777
કલોલ : 9825012126
દહેગામ : 9825037928